રજૂ તારીખ : ૧૯/૦૧/૨૦૨૬
દાખલ તારીખ : ૧૯/૦૧/૨૦૨૬
નિકાલ તારીખ : ૧૬/૦૪/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૨ ૨૮

**ભાવનગરના મે.ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**

ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૫/૨૦૨૬

આંક : ૧૦

અરજદાર :– **અસ્માબેન વા./ઓ. ઈમરાનભાઈ અમીનભાઈ કુરેશી,**
ઉ.વ.આ.૩૦, ધંધો–ઘરકામ,
રહે. મિલની ચાલી, ખીમજી રાજાના ઘર પાસે,
કુંભારવાડા, ભાવનગર.
મો. નં.૭૦૯૬૯૭૨૮૨૭

**– : વિરૂધ્ધ : –**

સામાવાળા :– (૧) **સમીર ઉર્ફે શાંભો મિરૂભાઈ સુમરા,**
ઉ.વ.૨૭, ધંધો–છુટક મજુરી,
ઠે. ફલેટ નં.૪૦૧, મારૂતીનંદન–૦૩,
રામજીની વાડી, ગઢેચી વડલા, ભાવનગર.
હાલ : હાદાનગર સત્યનારાયણ સોસાયટી ૦૨,
ભાવનગર.

(૨) **શ્રી સરકાર,**
(જેની નોટીસ એ.પી.પી.શ્રી કોર્ટ બિલ્ડીંગ,
ભાવનગર મારફતે બજાવવી)

**બાબત : એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં પરચુરણ ફોજદારી અરજી નં.૧૨૫૨/૨૦૨૩ ના કામે મંજુર થયેલ રેગ્યુલર જામીન રદ્દ કરાવવા માટે અરજી.**

અરજદાર તરફે : વિ.વ.શ્રી બી.એમ.ગૌસ્વામી.
સામાવાળા નં.૧ તરફે : વિ.વ.શ્રી બી.કે.વાઘેલા.
સામાવાળા નં.૨ તરફે : વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

**:: જજમેન્ટ ::**

(૧) હાલના અરજદાર/મુળ ફરીયાદી ધ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯(૨) મુજબ હાલની અરજી કરી, બોરતળાવ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૩૧૪૦૧/૨૦૨૩ થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હાના કામે એડી. સેશન્સ જજ, ભાવનગર ધ્વારા સામાવાળા નં.૧/ મૂળ આરોપી સમીર ઉર્ફે શંભો મિરૂભાઈ સુમરાની પરચુરણ ફોજદારી અરજી નં.૧૨૫૨/૨૦૨૩, તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ મંજુર કરી, તેને શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે, તે જામીન રદ્દ કરી, સામાવાળા નં.૧ ને કસ્ટડીમાં લેવાની દાદ મેળવવા માટે દાખલ કરવામાં આવેલ છે.

(૨) આ કામે અરજી અંગે સામાવાળાઓને નોટીસ બજતા સામાવાળા નં.૧/ મુળ આરોપી તરફે વિ. વકીલ શ્રી બી.કે.વાઘેલા હાજર થયેલ છે તથા તેઓએ આંક–૦૬ થી લેખિત વાંધા રજુ કરેલ છે અને આંક–૦૭ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજ કરેલ છે. તેમજ આંક–૦૯ થી અરજદાર સામેના ગુન્હાઓની માહિતી અંગેની પુરસીસ રજુ કરેલ છે. વધુમાં સામાવાળા નં.૨ શ્રી સરકારી તરફે વિ. એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર હાજર થયેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.એમ.ગૌસ્વામી ધ્વારા હાલની અરજીની વિગતે રજૂઆત કરવામાં આવેલ છે કે, સદર ગુન્હાના કામે સામાવાળા નં.૧ આરોપીએ જમીન ઉપર મુકત થવા માટે પ.ફો.અ.નં.૧૨૫૨/૨૦૨૩ દાખલ કરેલ હતી. જે અરજી તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ એડી. સેશન્સ જજ સાહેબશ્રી ધ્વારા મંજુર કરી, સામાવાળા નં.૧ ને શરતોને આધિન જામીન મુકત કરેલ હતા. પરંતુ તે હુકમમાં ફરમાવવામાં આવેલ શરતોનું આ કામના સામાવાળા

ધ્વારા પાલન કરવામું આવતુ નથી તેથી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ અન્વયે રેગ્યુલર જામીન રદ્દ કરવા માટે હાલની આ અરજી કરેલ છે. મૂળ ફરિયાદી/અરજદાર તરફે વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારે ભાવનગર શહેરના બોરતળાવ પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ બી.એન.એસ.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૨), ૩૫૨, ૫૪ મુજબના ગુન્હાની ફરિયાદ નોંધાવેલ અને ત્યારબાદ બી.એન.એસ. ની કલમ ૧૧૮(૨) નો ઉમેરો થયેલ અને તે ગુન્હાની હકીકત એવી છે કે, અરજદાર/મૂળ ફરિયાદી ધ્વારા અગાઉ સામાવાળા નં.૧ સામે ઈ.પી.કો. કલમ–૩૭૬ મુજબના ગુન્હાનો કેસ કરેલ તે અંગેની દાઝ રાખી જુની અદાવતના કારણે અરજદારને ભયંકર માર મારેલ અને જાનથી મારી નાખવાની કોશીષ કરેલ અને અરજદાર/મૂળ ફરિયાદીને તલવારના ઘા માર્યા પછી અરજદાર/મુળ ફરિયાદી બેભાન થયેલ હતા અને તે અવસાન પામેલ હોવાનું માની આરોપીઓ ત્યાંથી ચાલ્યા ગયેલ. તેમ છતાં, પોલીસ ધવારા આજદિન સુધી બી.એન.એસ.ની કલમ–૧૦૯ નો ઉમેરો કરેલ નથી. તેમજ સામાવાળા નં.૧ નાએ રહેઠાણનું સરનામું બદલી નાખેલ છે. આ ઉપરાંત કોર્ટની પરવાનગી વગર ગુજરાત છોડી મહારાષ્ટ્ર કાર લઈને ગયેલ અને ત્યાંથી દારુ ભરી અને વેચવા માટે ભાવનગર(ગુજરાત) આવેલ તે અંગેનો તેમના પર કેસ પણ નોંધાયેલ છે. તેમજ સામાવાળા નં.૧ ને જામીન મુકત કર્યા બાદ તેઓ ઉપર બોરતળાવ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૧૯૮૦૧ ૫૨૪૦૦૫૨/૨૦૨૪ ઈ.પી.કો. કલમ ૩૯૪, ૩૨૩, ૩૨૪, ૪૨૭, ૪૫૨, ૫૦૪, ૫૦૬(૧), ૩૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ તથા બોરતળાવ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૧૯૮૦૧૫૨૪૦૦૪૯/

૨૦૨૪ ઈ.પી.કો. કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ તથા બોરતળાવ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૩૦૨૧૬/૨૦૨૪ ઈ.પી.કો. કલમ–૩૨૬, ૩૨૩, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબના ગુન્હા નોંધાયેલ છે. આમ, આ કામના સામાવાળા નં.૧ નાઓએ પ.ફો.અ.નં.૧૨૫૨/૨૦૨૩ ના કામે તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ એડી. સેશન્સ જજ સાહેબશ્રી ધ્વારા સામાવાળા નં.૧ ને શરતોને આધિન જામીન ઉપર મુકત કરવા માટે જે હુકમ કરેલ તેમાં ફરમાવેલ શરતો પૈકી શરત નં.એ, બી, સી, જી, એફ નો ભંગ કરેલ હોય, તે ધ્યાને લઈ ન્યાયના હિતમાં પ.ફો.અ.નં. ૧૨૫૨/૨૦૨૩ ના કામે અરજદાર/સામાવાળા નં.૧/મૂળ આરોપીનો જામીન મુકિતનો હુકમ રદૃ કરી સામાવાળા નં.૧ મૂળ આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૪) આ કામના સામાવાળા નં.૧/મુળ આરોપી તરફે વિ. વકીલશ્રી બી.કે.વાઘેલા ધ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, આ કામે અરજદાર ધ્વારા તેમની હાલની અરજીમાં સામાવાળા નં.૧ નાએ સરનામું બદલેલ હોવાના આક્ષેપો કરવામાં આવેલ છે પરંતુ સામાવાળા નં.૧ નું કોઈ બદલાયેલ નવું સરનામું રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી. તેમજ આ કામના અરજદાર/મૂળ ફરિયાદી ધ્વારા કહેવાતા આક્ષેપિત બોરતળાવ પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ નોંધાવવામાં આવેલ ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૫૧૫૪૩/૨૦૨૫ મુજબના ગુન્હાના કામે સામાવાળા નં.૧ નાઓએ કોઈ ભાગ ભજવેલ નથી અને ખોટી હકીકતો વાળી ફરિયાદ નોંધાવેલ છે. તેમજ આ કામના અરજદાર/મૂળ ફરિયાદી સામાવાળા નં.૧ ને હેરાન પરેશાન કરવા માટે ખોટી હકીકતો

વાળી ફરિયાદો તથા અરજીઓ કરતા આવેલ છે અને તે હકીકત ખુદ અરજદાર તરફે આંક–૩ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ પરથી ફલિત થાય છે. તેમજ જામીન ઉપર મુકત કરવામાં આવ્યા બાદ આ કામના સામાવાળા નં.૧ ધ્વારા કયારેય ગુજરાત રાજયની હદ છોડવામાં આવેલ નથી અને સામાવાળા નં.૧ નાએ ગુજરાત રાજયની હદ છોડેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર કરવામાં અરજદારપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેમજ અરજદાર ધ્વારા તેમની અરજીમાં તથા તેઓ તરફેની દલીલમાં જણાવેલ કહેવાતા નોંધાયેલ ગુન્હાઓના કામે સામાવાળા નં.૧ ને તકસીરવાન ઠરાવવામાં આવેલ ન હોય, આવા કોઈ ગુન્હાઓ સાબિત થયેલ નથી. સામાવાળા નં.૧ ધ્વારા જામીનની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવામાં આવેલ છે અને કરતા આવેલ છે અને કોઈ શરતોનો ભંગ કરેલ નથી. તે તમામ સંજોગોમાં સામાવાળા નં.૧ તરફે નામદાર સેશન્સ કોર્ટની જામીન અરજીના હુકમની કોઈ શરતોનો ઈરાદાપુર્વક ભંગ કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પરથી જણાઈ આવતી નથી અને આ કામના અરજદાર ધ્વારા અગાઉ પણ સામાવાળા નં.૧ વિરુધ્ધ જામીન રદૃ કરવા માટે પ.ફો.અ.નં.૧૩૪૦/૨૦૨૪ તથા ૧૦૩૨/૨૦૨૫ કરવામાં આવેલ હતી અને ત્યારબાદ તે વીડ્રો કરેલ હતી. આમ, આ કામના અરજદાર/મૂળ ફરિયાદી સામાવાળા નં.૧ ને માત્ર હેરાન પરેશાન કરવાના એક માત્ર હેતુથી આ પ્રકારની અરજીઓ કરવાની ટેવવાળા છે. તેમજ અરજદાર/મૂળ ફરિયાદી અને સામાવાળા નં.૧ છેલ્લા ઘણા સમયથી સાથે રહેતા હોય અને પ્રેમ સંબંધ હોય તેથી સામાવાળા નં.૧ ને બળજબરીપૂર્વક રાખવા ચેનકેન પ્રકારે હેરાન પરેશાન કરી મજબુર કરે છે અને સામાવાળા નં.૧ અરજદારની સાથે ન રહે તો ખોટી ફરિયાદો

કરે છે અને બળાત્કારના કેસમાં સજા પડાવવાની ધમકીઓ આપેલ છે અને સામાવાળાના ઘરના સ્ત્રી સભ્યો વિરુધ્ધ પણ ખોટી અરજીઓ અને ફરિયાદો કરે છે. તેમજ સામાવાળા નં.૧ ના ૭૫ વર્ષના વૃધ્ધ માતાને પણ ફોનમાં બેફામ બિભત્સ શબ્દો બોલી ગાળો આપે છે અને વૃધ્ધ માતાની સામે પણ ખોટી અરજીઓ અને કેસો કરી હેરાન પરેશન કરે છે. તેમજ અરજદારે સામાવાળાની મિલકત પચાવી પાડેલ છે અને સામાવાળા નં.૧ એકના એક દિકરા હોય અને અરજદાર/મૂળ ફરિયાદીના ત્રાસના કારણે અનહદ દારુ પી ફેફસા, કીડનીઓ ખલાસ કરી નાખેલ હોય અને તેમની તબિયત નરમ-ગરમ રહેતી હોય અને કોઈ પણ સમયે મૃત્યુ પામે તેવી શકયતા રહેલી છે અને અરજદાર/મૂળ ફરિયાદીએ સામાવાળા નં.૧ નાએ ખરીદ કરેલ મફતનગરના ચાર મકાનો સમાધાન કરી પચાવી પાડેલ છે અને ત્યાં ગેરકાયદેસર ધંધાઓ કરે છે અને ના પાડવામાં આવે તો ખોટા કેસો કરી ઘરમાંથી કઢાવી મુકે છે. તેમજ પોતે અથવા અન્ય માણસોને ઉભા કરી ખોટા કેસો કરી ફીટ કરાવે છે અને અન્ય આરોપીઓ પકડાયા હોય તેમને આર્થિક મદદ કરી સામાવાળનું નામ ગુન્હામાં ખોલાવડાવે છે. આમ, સામાવાળા નં.૧ અરજદાર/મૂળ ફરિયાદી સાથે રહેવા ન જાય તેવા સંજોગોમાં ખોટી ફરિયાદો અને હાલની ખોટી અરજીઓ કરી હેરાન પરેશાન કરતા હોય, તે તમામ હકીકતો ધ્યાને લઈ હાલની અરજી રદ્દ કરવા રજૂઆત કરેલ છે.

(૫) અરજદારની અરજી, અરજદાર તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ તથા સામાવાળા નં.૧ તરફે આંક-૬ થી રજુ કરવામાં આવેલ વાંધા તથા આંક-૭ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા આંક-૯ થી રજુ અરજદાર સામે નોંધાયેલ ગુન્હાઓનું લીસ્ટ વિગેરે વંચાણે

અને ધ્યાને લીધા. તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લીધી. આ કામે રેકર્ડ વંચાણે લેતાં, આ કામના અરજદાર/મૂળ ફરિયાદી તર્ફે મુખ્યત્વે આ કામના સામાવાળા નં.૧ નાઓએ પ.ફો.અ.નં. ૧૨૫૨/૨૦૨૩ ના કામે તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ એડી. સેશન્સ જજ સાહેબશ્રી ધ્વારા સામાવાળા નં.૧ ને શરતોને આધિન જામીન ઉપર મુકત કરવા માટે જે હુકમ કરેલ તેમાં ફરમાવેલ શરતો પૈકી શરત નં.એ, બી, સી, જી, એફ નો ભંગ કરેલ હોવાથી પ.ફો.અ.નં.૧૨૫૨/૨૦૨૩ ના કામે અરજદાર/સામાવાળા નં.૧/મૂળ આરોપીનો જામીન મુકિતનો હુકમ રદ્દ કરી સામાવાળા નં.૧ મૂળ આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ ફરમાવવા રજુઆત કરવામાં આવેલ છે. આમ, અરજદાર/મુળ ફરીયાદી ધ્વારા હાલની બેઈલ કેન્સલેશન માટેની અરજી કરવામાં આવેલ છે, તે સંજોગોમાં બેઈલ નામંજુર કરવા તથા મંજુર થયેલા બેઈલ કેન્સલ કરવાના સંજોગોમાં શું ફેર છે ? તથા મંજુર થયેલ બેઈલ કયારે કેન્સલ કરી શકાય ? તે અંગે આ કોર્ટને સર્વપ્રથમ નામદાર ગુજરાત હાઈકોર્ટનો તાજેતરનો CRIMINAL REVISION APPLICATION (AGAINST ORDER PASSED BY SUBORDINATE COURT) NO. 1058 of 2024, dated 19/07/2024, "KADARSHA LATIFSHA SAIYED THRO JAMILSHA KADARSHA SAIYED V/S STATE OF GUJARAT & ANR." નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. જે ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીનનો ઉદ્દેશ તથા તે કયારે કેન્સલ કરી શકાય ? તે અંગે નામદાર ઉચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓની ચર્ચા કરી નીચે મુજબ ઠરાવેલ છે :

"12. The object of bail has been laid down in case of Sanjay Chan-dra Vs. CBI, reported in (2012) 1 SCC 40, wherein in para-14, the Hon'ble Supreme Court held as under :-

Para-14:- In bail applications, generally, it has been laid down from the earliest times that the object of bail is to secure the appearance of the accused person at his trial by rea-sonable amount of bail. The object of bail is neither punitive nor preventative. Deprivation of liberty must be considered a punishment, unless it can be required to ensure that an ac-cused person will stand his trial when called upon. The courts owe more than verbal re-spect to the principle that punishment begins after conviction, and that every man is deemed to be innocent until duly tried and duly found guilty. From the earliest times, it was appreciated that detention in custody pending completion of trial could be a cause of great hardship. From time to time, necessity demands that some un-convicted persons should be held in custody pending trial to secure their attendance at the trial but in such cases, `necessity' is the operative test. In this country, it would be quite contrary to the concept of personal liberty enshrined in the Constitution that any person should be punished in respect of any matter, upon which, he has not been convicted or that in any circumstances, he should be deprived of his liberty upon only the belief that he will tamper with the witnesses if left at liberty, save in the most extraordinary circumstances. Apart from the question of prevention being the object of a refusal of bail, one must not lose sight of the fact that any imprisonment before conviction has a substantial punitive content and it would be improper for any Court to refuse bail as a mark of disapproval of former conduct whether the accused has been convicted for it or not or to refuse bail to an un-convicted person for the purpose of giving him a taste of imprisonment as a lesson."

13. In case of Dolat Ram v. State of Haryana, reported in (1995) 1 SCC 349, the Hon'ble Supreme Court in para-4 held as under :-

"4. Rejection of bail in a non-bailable case at the initial stage and the cancellation of bail so granted, have to be considered and dealt with on different basis. Very cogent and overwhelming circumstances are necessary for an order directing the cancellation of the bail, already granted. Generally speaking, the grounds for cancellation of bail, broadly (illustrative and not exhaustive) are: interference or attempt to interfere with the due course of administration of Justice or evasion or attempt to evade the due course of justice or abuse of the concession granted to the accused in any manner. The satisfaction of the court, on the basis of material placed on the record of the possibility of the accused absconding is yet another reason justifying the cancellation of bail. However, bail once granted should not be cancelled in a mechanical manner with-out considering whether any supervening circumstances have rendered it no longer conducive to a fair trial to allow the accused to retain his freedom by enjoying the concession of bail during the trial. These principles, it appears, were lost sight of by the High Court when it decided to cancel the bail, already granted. The High Court it appears to us overlooked the distinction of the factors relevant for rejecting bail in a non-bailable case in the first instance and the cancellation of bail already granted."

14. Thus in the case of Dolat Ram (supra), it has been held that bail once granted should not be cancelled in a mechanical manner without considering whether any supervening circumstances have rendered it no longer conducive to a fair trial to allow the accused to retain his freedom by enjoying the concession of bail during the trial. In the case of X Vs. State of Telangana, reported in 2018 (16) SCC 511, the Apex Court has held that bail once granted should not be cancelled unless a cogent case based on a supervening event has been made out. It has been observed that second FIR is not a

supervening circumstance of such a nature, as would warrant the cancellation of bail, which was granted by the High Court. In the present case, the applicant was even permitted to attend 'Haj' for the period between 06.06.2024 to 20.07.2024 and such permission was granted by suspending the conditions taking into consideration all the facts that the applicant would attend the trial in connection with the subject First Information Report.

15. The Gurcharan Hon'ble Singh Supreme & Court Ors. Vs. in case State of (Delhi Administration), reported in (1978) 1 SCC 118, held two paramount considerations, while considering petition for grant of bail in a non-bailable offence, apart from the seriousness of the offence, there is likelihood of the accused fleeing from justice and his tampering with prosecution witnesses. Both of them relate to ensure a fair trial of the case. Therefore, to ensure a fair trial, all considerations are explored while granting bail. Thus, when the question is raised on the power to cancel bail, the same has to be exercised with great care and circumspection. Cogent and overwhelming circumstances are necessary for an order seeking cancellation of bail.

16. This Court would also like to refer to the decision in the case of Merubhai Ramabhai Khodiyatar (Hun) Rabari v. State of Gujarat reported in 2021 (2) G.L.R. 1175. In Paragraph 16.1, it was held as under :-

"The grounds for cancellation of bail and grounds of rejection of bail are two different circumstances and hence the consideration of the court on the issue also becomes different, while hearing the application for cancellation of bail, the court has to be more rigid, as it has to examine not only the possibility of violation, but also the possible consequences. The power of cancellation of bail must be exercised with care and circumspection keeping in mind the urgent and overwhelming circumstances. The bail already granted should

not be cancelled on a routine manner, as it jeopardizes the personal liberty of the person. In the present case, the respondent State has not been able to show any supervening circumstances,which would reflect that the liberty, granted to the accused, was misused, and no longer conducive to a fair trial."

17. ......... Once a discretion has been exercised for granting of bail for a person, it should not be cancelled as that would affect the liberty of the accused since the bail granted is only after considering all the ingredients necessary to enlarge the person on bail. It is not the case that the applicant had not attended the Police Station on that day. The conditions of bail are to ensure that the accused would be available for trial. The learned Court should only be concerned about accused's availability during the trial.

(૬) આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદા પરથી તથા તેમાં રીફર કરવામાં આવેલ નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદાઓ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, જામીન નામંજુર કરવા તથા મંજુર થયેલ જામીન કેન્સલ કરવાના સંજોગો જુદા જુદા હોય છે અને જામીન રદ્દ કરવાની સત્તા વાપરતી વખતે કોર્ટે ખૂબ જ કાળજી અને સાવચેતી સાથે તેનો ઉપયોગ કરવો જોઈએ. વધુમાં ઠરાવેલ છે કે, જયારે કોઈ વ્યકિતને કોઈ કોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવે છે ત્યારે તે વ્યકિતને જામીન પર મુકત કરવા માટેના જરૂરી તમામ ઘટકો ધ્યાને લીધા પછી જ જામીન મુકત કરવામાં આવે છે. તેથી એકવાર કોઈ વ્યકિતને જામીન આપવા માટે કોર્ટ ધ્વારા તેની વિવેક બુધ્ધિનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવેલ હોય તો તેવા મંજુર કરેલ જામીન યાંત્રિક રીતે (mechanical manner) તથા રૂટીન મેનરમાં રદ્દ ન કરી શકાય, કારણ કે તે વ્યકિતની વ્યકિતગત સ્વતંત્રતામાં જોખમ મુકે છે. વધુમા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, મંજુર થયેલ જામીન

ત્યારે જ રદ્દ કરી શકાય જયારે રેકર્ડ પર ખૂબ જ સબળ (very cogent) અને સચોટ કારણો (over-whelming circumstances) થકી એવી હકીકત દર્શાવવામાં આવે કે, આરોપીને આપવામાં આવેલ જામીનની સ્વતંત્રતાનો તેણે દુરુપયોગ કરેલ છે અને તે સ્વતંત્રતા હવે ન્યાયી સુનવણી (fair trial) માટે અનુકુળ નથી.

(૭) આમ, જામીન કેન્સલ કરવા અંગેના ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને લેતા રેકર્ડ પરની હકીકતોનુ મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે અરજદાર પક્ષે આ કામના સામાવાળા નં.૧ નાએ મૂળ ફરિયાદીને જાનથી મારી નાખવાની કોશીષ કરી જામીન અરજીની શરત નં.(બી) નો ભંગ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર દર્શાવી શકેલ નથી. તે સંજોગોમાં, સામાવાળા નં.૧ નાએ સદર જામીનની શરત નં.(બી) નો ભંગ કરેલ હોય તે હકીકત રેકર્ડ પરથી સાબિત થતી નથી. તેમજ સામાવાળા નં.૧ તરફે આંક–૭ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ અરજદાર/મૂળ ફરિયાદી સાથે કરવામાં આવેલ સમાધાન અંગેના કરારની હકીકતો, તેમજ ફૈઝલ ફિરોજભાઈ બુકેરાએ કરેલ ફરિયાદ તથા સામવાાળા નં.૧ ના માતૃશ્રીએ કરેલ અરજી, તેમજ ઉચ્ચ અધિકારીઓને કરેલ અરજીની હકીકતો તથા અરજદાર ધ્વારા હાલની અરજી કર્યા અગાઉ પણ ભાવનગર સેશન્સ કોર્ટમાં પ.ફો.અ.નં. ૧૩૪૦/૨૦૨૪ તથા ૧૦૩૨/૨૦૨૫ થી જામીન રદ્દ કરવા માટે કરેલ અરજીઓ વિથડ્રો કરેલ હોવાની હકીકત તથા અરજદાર/મુળ ફરિયાદીની વર્તણુંક ધ્યાને લેવામાં આવે તો પણ આ કામના સામાવાળા નં.૧ વિરુધ્ધનું અનુમાન કરી શકાય તેમ નથી. આ ઉપરાંત, આ કામના સામાવાળા નં.૧ નાઓએ કોર્ટને પુર્વ પરવાનગી વગર તેનું રહેઠાણનું સરનામું બદલેલ હોય કે ગુજરાત રાજયની હદ છોડીને ગયેલ

હોય તે અંગે પણ કોઈ સચોટ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં અરજદારપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેથી સામાવાળા નં.૧ ધ્વારા શરત નં.(સી) તથા (એફ) નો ભંગ કરેલ હોવાની હકીકત પણ સ્પષ્ટ પણે રેકર્ડ ઉપર લાવવામાં અરજદારપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં, સામાવાળા નં.૧ ધ્વારા શરત નં.(જી) તથા (એ) નો પણ ભંગ કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવતુ નથી. તેમજ સામાવાળા નં.૧ ધ્વારા આવી કોઈ જામીન મુકિતની શરતોનો ભંગ કરેલ હોવાનો રીપોર્ટ પણ આવેલ નથી. તે સંજોગો પરથી પણ સામાવાળા નં.૧ ધ્વારા તેમને જામીન આપતી વખતે વિ. એડી. સેશન્સ જજશ્રીની કોર્ટ ધ્વારા તેમની સામે જે શરતો ફરમાવેલ છે તે શરતોનો તેઓએ ઈરાદાપુર્વક ભંગ કરી, ફરિયાદપક્ષના હિતને નુકશાન પહોંચાડે તેવું કોઈ કાર્ય કરેલ હોય કે કોર્ટની પૂર્વ પરવાનગી વગર રહેઠાણનું સરનામું બદલેલ હોય કે ગુજરાત રાજયની હદ છોડેલ હોય કે કાયદો અને વ્યવસ્થા જાળવેલ ન હોય અને જામીનની સ્વતંત્રતાનો દુરુપયોગ કરેલ હોય તેવી હકીકત રેકર્ડ પરથી સ્પષ્ટપણે જણાઈ આવતી નથી.

(૮) આમ, મુળ ફરીયાદી તરફે હાલની અરજીના કામે, હાલના તબકકે એવા કોઈ સબળ તથા મજબૂત સંજોગો રેકર્ડ પર દર્શાવવામાં આવેલ નથી કે જેના પરથી એ હકીકત સાબિત થાય કે આરોપીને આ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ જામીનની સ્વતંત્રતાનો તેણે દુરુપયોગ કરેલ છે અને તેને આપેલ સદર જામીનની સ્વતંત્રતા હવે સદર કેસની ન્યાયી સુનવણી માટે અનુકુળ નથી.

(૯) આમ, પક્ષકારો વચ્ચેના વિવાદનો પ્રકાર તથા અરજદાર તરફે તેમની હાલની અરજીમાં સામાવાળા નં.૧ સામે સદર શરતોનો ભંગ કરવા અંગે જે આક્ષેપો કરવામાં આવેલ છે, તેની વિગતો તથા આ કેસના

ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં, આ કોર્ટને રેકર્ડ પરથી સામાવાળા નં.૧ ને જામીન મુકત કરવાનો સદર જે હુકમ કરવામાં આવેલ છે તે રદૃ કરવા માટેના કોઈ સબળ અને મજબૂત કારણો (cogent and overwhelming circumstances) જણાઈ આવતા ન હોય અને તે સંજોગોમાં આ કોર્ટને હાલની અરજી મંજુર કરવાનુ ઉચિત જણાતુ ન હોય, આ અરજી તળે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/મૂળ ફરિયાદીની હાલની અરજી આથી નામંજુર યાને કે રદૃ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૬'મી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તા.૧૬/૦૪/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik